छसें एकवीशानी

# आभ्यंतर औदुम्बर ब्राह्मणोनी हितवर्धक समाजमां थयेला

# ठरावो.

લેખક અને પ્રકાશક,
આભ્યંતર ઔદુમ્બર સમસ્ત સમાજની આજ્ઞાથી
**મનસુખરામ પ્રાણનાથ શ્રોત્રિય.**
જનરલ સેક્રેટરી.
ઠે. શ્રોત્રિયવાડામાં, મુ૦ કપડવણજ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦
સંવત ૧૯૭૮ સને ૧૯૨૨

छसें एकवीशनी

# आभ्यंतर औदुम्बर ब्राह्मणोनी हितवर्धक समाजमां थयेला

# ठरावो.


લેખક અને પ્રકાશક,

આભ્યંતર ઔદુમ્બર સમસ્ત સમાજની આજ્ઞાથી

**મહા સુખરામ પ્રાણનાથ શ્રોત્રિય.**

જનરલ સેક્રેટરી.

ઠે. શ્રોત્રિયવાડામાં, મુ૦ કપડવણજ.



ધી નિર્મળ પ્રીન્ટીંગ પ્રેસમાં લલ્લુભાઇ ઇશ્વરભાઇ ત્રિવેદીએ

છાપ્યા. ઠે. પીરમશારોડ—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦

સંવત ૧૯૭૮ સને ૧૯૨૨

# નિવેદન.

૧. હાલના વ્યક્તિ સ્વાતંત્ર્યના સમયમાં દરેક વ્યક્તિ પોતે પોતાનું માન સમજતી થઇ છે. તેથી પોતાના સુખદુઃખનો આધાર બીજા ઉપર ન રાખતાં પોતાના આચાર વિચારમાં સુધારા વધારા કરવા પ્રયત્ન કરે છે. આ એક શુભ ચિન્હ છે. આમ દરેક મનુષ્ય એક સરખા પ્રયત્નવાન થયાથી સરખા આચારવિચાર વાળાઓનું મંડળ કે જેને "નાત" કહે છે તેવી નાતો સુધારા વધારા કરવા પ્રયત્નવાન થાય છે. ને તેઓ વિનયથી પોતાના આગેવાનોને જગાડે છે. તેમના સુસંસ્કારોને ઉત્તેજી તેમની મારફત પોતાના ઐહિક સુખ વધારવા પ્રયત્નો કરે છે. આવા પ્રયત્નોને પરિણામે જ્ઞાતિસંમેલનો ભરાતાં ચાલ્યાં તેની દેખાદેખી નાની નાની નાતોમાં પણ સંમેલન થયાં. તે અન્વયે ગુજરાત, વાગડને માળવામાં રહેનાર **आभ्यंतर औदुम्बर ब्राह्मण** નામક સંખ્યામાં છસેંએકવીશ જેટલી નાની, પણ જન સમુદાયમાં અતિપુરાણી, નીતિમાન્ ને અન્યકોમોને પોતાના વર્તનથી ને વાણીથી નીતિ ને ધર્મને માર્ગે દોરવવાનો ધંધો કરનારી અગ્રગણ્ય કોમના યુવાન બંધુઓને પણ સુષુપ્ત અવસ્થા ભોગવતા સંસ્કારોને જાગ્રત કરવાની કુદરતી પ્રેરણા થઇ. તે અન્વયે પ્રથમ સંવત ૧૯૭૬ ના વૈશાખ વદી ૯ તારીખ ૧૨–૫–૨૦ ને રોજ મોડાસા મુકામે **श्री आभ्यंतर औदुम्बर हितवर्धक समाजनी** સ્થાપના કરી. તેમાં જ્ઞાતિમાં કેળવણીનો ફેલાવો, જ્ઞાતિના સુધારા, પરસ્પર ભ્રાતૃભાવ અને ઐક્યતા વધારવી એ સમાજના ઉદ્દેશો ઠરાવ્યા.



૨. આ સમાજ સ્થપાયાથી દરેકના સંસ્કાર જાગૃત થયા. તેથી વિના મહેનતે લગભગ ૯૦ નેવું મેમ્બરો તુરત દાખલ થઇ ગયા. સમાજનું કામકાજ મહુધાના વતની પણ ધંધાર્થે મુંબઇ રહેતા. રા. ભાઇલાલ ભવાનીશંકર જોશી એમણે કરવાનું કબુલ્યાથી સમાજની ઑફીસ મુંબઇ રાખી. પછી બારમાસ અનુભવ કર્યાથી માલુમ પડયું કે સમાજની ઑફીસ દૂર પડે છે, જેથી કામકાજમાં સરળતા આવવા ખાતર તા. ૧૯–૫–૨૧ ને રોજ ગોધરા મુકામે ઑફીસનું સ્થળ રાખ્યું. ગોધરાનિવાસી ભાઇ દિનકરરાય મણીલાલ પંડયાએ સમાજનું કામ કરવાનું બીડું ઝડપ્યું. તેમને ગોધરાનિવાસી યુવાન અને વૃદ્ધ પુરૂષોએ અંતઃકરણ પૂર્વક મદદ આપીને છસેં એકવીસને નામે ગણાતી આપણી **औदुम्बर ब्राह्मण ज्ञाति**ની સેવા કરવાનો અમૂલ્ય લાભ તેઓએ મેળવ્યો.

૩. ગોધરાનિવાસી જ્ઞાતિબંધુઓનાં હૃદયની સરળતા, નિરભિમાન, એકસંપ, જ્ઞાતિસેવા કરવાની ઉત્કંઠા ઇત્યાદિ સદ્‌ગુણોવડે સતત્ મહેનત કર્યાનું ફળ એ આવ્યું કે માત્ર સાત મહિનાની ટૂંક મુદ્દતમાં એટલે તા. ૨૭–૧૨–૨૧ ને રોજ ગોધરા મુકામે દૂરદૂર રહેતા ત્રણે વિભાગના જ્ઞાતિબંધુઓ એકજ સ્થળે ભેગા થવા અશક્ય તે ભેગા થયા. ભેગા થયા તો થયા, પરંતુ તે પૂર્ણ ઉત્સાહથી, ભ્રાતૃભાવથી ને પરમ આનંદથી ભેગા થઇ એક બીજાના વિચારોની આપલે થઇ, વંશપરંપરાના જૂના સંસ્કારો જાગૃત થયા, જેથી દરેક વ્યક્તિને જનસમાજમાં પોતાના દરજ્જાનું ભાન થયું ને આવી રીતે પોતાની માનવૃત્તિ ઉત્તેજાઇ સર્વને સંતોષ થયો. જેથી પોતાના આચાર વિચારોમાં તુરત દૂર કરી શકાય તેવા રિવાજોમાં સુધારો કરવા પ્રેરાયા જેને પરિણામે છસેંએકવીસની સમસ્ત સમાજનું બંધા-

રણુ અને લગ્ન પ્રસંગનાં પલ્લુ વરોઠી વગેરેનો ઠરાવ એવા બે ઠરાવો અંદરની વિગતો સાથે કર્યા.

૪. ત્યારબાદ ચારમાસે ઇંદોર મુકામે સમસ્ત સમાજ ભેગી થવાનો પ્રસંગ આવ્યો તેમાં જ્ઞાતિસુધારામાં દરેક સભાસદે અને સ્વયંસેવકે પાળવાના નિયમો, અનીતિએ ચાલનારને ચેતવણી. વિદ્યોત્તેજક ફંડ ને તેના હેતુઓ તથા રિવાજોમાં યોગ્ય સુધારાના ઠરાવો કર્યા.

૫. સમાજના બંન્ને સંમેલનમાં ઘણી બાબતો ચર્ચાઇ છે. તેમાંની જે બાબતોનો સર્વાનુમતે નિર્ણય કરી દરેક જ્ઞાતિબંધુએ અમલમાં મૂકવાનો ઠરાવ કર્યો છે તેવાજ ઠરાવો આ સાથે પરીશિષ્ટમાં છાપ્યા છે. સદરહુ બાબતો પૈકી હજુ કેટલીક બાબતોની ચર્ચા ચાલે છે, કેટલીક સંબંધી પત્રવ્યવહાર ચાલે છે, કેટલીક અમલમાં મૂકવાની તૈયારી થાય છે તેવી બાબતો નિર્ણયાત્મક થઇ અમલમાં મૂકવા લાયક થશે અગર અમલમાં મૂકાશે ત્યારે તેપણ છપાવી દરેક જ્ઞાતિબંધુને પોહોચાડવામાં આવશે. હાલમાં ચર્ચાસ્પદ બાબતોનું દિગ્દર્શન કરાવવાના હેતુથી તેની ટીપ નીચે મુજબ આપી છે.

(૧) યજમાન વૃતિને અંગે જોઇતી માહીતિનું માર્ગદર્શક પુસ્તક તૈયાર કરવાનું મોડાસાના વતની ભાઇ શ્રીકૃષ્ણ નાથજીભાઇ ભટ્ટ એમણે સ્વીકાર્યું છે તે કામ.

(૨) કોઈ જ્ઞાતિબંધુ સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવા ઇચ્છે તો ૫૦ વિદ્યાર્થી સુધીનું ઇંદોર શહેરમાં ભરણપોષણ ને અભ્યાસ કરાવવાનો ખર્ચ ઉઠાવી લેવા ઇંદોરના રહીશ શ્રીધરજી નીલમાધવજી શાસ્ત્રીજી એમણે સ્વીકારેલી બાબત.



(૩) દંતાવાળા ઔદુમ્બર બ્રાહ્મણોની સાથે વ્યવહાર શરૂ કરવા સંબંધીની બાબત.

(૪) વિદ્યોત્તેજક ફંડ વધારવા ને તેની વ્યવસ્થા કરવાને કમીટી નીમવાની બાબત.

આ પ્રમાણેની બાબતો હજુ ચર્ચાસ્પદ છે. આટલી હકીકત આપ સમક્ષ નીવેદન કરવાનું કારણકે આ સાથે છાપેલા ઠરાવો પૂરેપૂરા સમજાય અને તેને અમલમાં મૂકવાને મૂકાવવા દરેકનો ઉત્સાહ વધે.

૬. સર્વ જ્ઞાતિબંધુઓની સેવામાં આ નાનકડી ચોપડી રજુ કરતાંની સાથે જણાવવાની રજા લઉં છું કે હજુ કેટલાક જ્ઞાતિબંધુઓ આ સમાજના શુભકાર્ય તરફ પ્રેમની નજરથી જોતા નથી. દરેકનો મત એકસરખો હોઇ શકે નહિં. મતમતાંતર એ કુદરતી છે. પરંતુ મતાંતરમાં હઠીલાઈ મેળવી દેવી જોઇતી નથી. પોતાના મતમાં સામાને યુક્તિ પ્રયુક્તિથી સમજાવીને લાવવા અગર સામાના મતમાં પોતે મળતા થવું એ બેમાંનો એક માર્ગ સ્વીકારી પોતાની શક્તિઓનો ઉપયોગ સ્વજ્ઞાતિબંધુઓના હિત કરવામાં વાપરવા દરેક બંધુને મારી નમ્ર વિનતિ છે. અને પરમાત્મા પાસે યાચના કરૂં છું કે મારા દરેક જ્ઞાતિબંધુને સદ્‌બુદ્ધિ પ્રેરી આ શુભ કાર્યમાં ઉત્સાહથી સામેલ કરે. ને તે માર્ગે સર્વે ઐહિક સુખ ભોગવે. તથાસ્તુ.

**કપડવણજ,**
શ્રોત્રિયવાડો,
સંવત ૧૯૭૮ના
શ્રાવણ સુદી. ૧
તા. ૨૫-૭-૨૨
મંગળવાર.

લી.
આપનો ચર્ણરજ સેવક,
**મહાસુખરામ પ્રાણનાથ શ્રોત્રિય.**
જનરલ સેક્રેટરી,
આભ્યંતર ઔદુમ્બર સમસ્ત સમાજ.

॥ श्रीइष्टदेव प्रसन्नोऽस्तु ॥

## छसें एकवीसनी

# आभ्यंतर औदुम्बर ब्राह्मणोनी हितवर्धक समाजमां थयेला

# ठरावो.

ગુજરાત, વાગડ, માળવા અને બીજા પ્રાંતોમાં વસતા **શ્રી आभ्यंतर औदुम्बर ब्राह्मणोनी** છસેં એકવીશના નામથી ગણાતી સમસ્ત મહાસભા મળી જ્ઞાતિના હિતાર્થે પોતાના ચાલતા રિવાજોમાં યોગ્ય સુધારા કરી સર્વને પાળવાના કરેલા ઠરાવોની વિગતઃ—

[૧] ગોધરા મુકામે ભરાયેલી મહાસભાએ સંવત્ ૧૯૭૮ ના માગશર વદી ૧૩ ને મંગળવાર તા. ૨૭ મી ડીસેમ્બર સને ૧૯૨૧ના રોજ કરેલા ઠરાવો.

### ઠરાવ ૧ લો.

**છસેંએકવીશની સમસ્ત સમાજનું બંધારણ.**

**નામઃ**—છસેંએકવીશની સમસ્ત **आभ्यंतर औदुम्बर हितवर्धक समाज.**



ઉદ્દેશોઃ—(૧) જ્ઞાતિના રિવાજોમાં સુધારો. (૨) કેળવણીનો ફેલાવો. (૩) પરસ્પર મૈત્રિમાં વધારો કરવો. ( ઐક્યતા. )

બંધારણ—સમાજના ત્રણ પ્રકાર રહેશે. (૧) ગ્રામ્ય. (૨) વિભાગ. (૩) સમસ્ત.

### ગ્રામ્ય સમાજના નિયમો.

(૧) સમાજમાં જે સભાસદ થાય તેની ઉમ્મર સોળ વર્ષ કરતાં ઓછી હોવી જોઇએ નહિં.

(૨) દરેક સભાસદની વાર્ષીક ફી ફક્ત ચાર આના રાખવી.

(૩) સભાસદમાંથી કાર્યકરનાર એક મંત્રી અને એક પ્રમુખ નીમવો ને તેની ચુંટણી દરવર્ષે કરવી.

(૪) પ્રમુખ અને મંત્રી ગામના સભાસદોના બહુમતને અનુસરી ફંડનો વહીવટ કરે તેમજ વિભાગી સમાજને જવાબદાર રહે.

(૫) બની શકે તેટલી શક્તિથી દરેક ગામમાં સમાજના સભાસદો વધારવા પ્રયત્નો કરવા.

(૬) ગ્રામ્ય સભામાં બહુ-મતિએ જે ઠરાવ થાય તે સઘળાએ પાળવો. કોઇપણ બાબતમાં સરખામત પડે તો પ્રમુખ બેમત આપી નિશ્ચય કરી શકે.

(૭) ગ્રામ્યસભા, વિભાગીસભા, અને સમસ્તસભા, સમાજના ઠરાવેલા ઉદ્દેશોપર બહુમતિએ જે ઠરાવો કરે તે દરેક સભાસદ પાળવાને બંધાએલ છે.

(૮) જ્ઞાતિનો સોળવર્ષ ઉપરાંતનો દરેક શખ્સ સભાસદ છે. તેણે બધાની સાથે સભ્યતાથી વર્ત્તવું કોઇ

કદાચ સમાજના નિયમો પાળવામાં હરકત કરતા જણાય તો તેમની સાથે સમજાવટથી કામ લેવું.

(૯) ઉપરના નિયમોથી સભાસદનું વિરૂદ્ધ વર્તન જણાયેથી તે બાબતના સવાલનો નિર્ણય વિભાગી સમાજ કરશે.

(૧૦) સોળ વર્ષનાં અંદરના જનોઇ દીધેલા પુરૂષ વર્ગને સ્વયંસેવક તરીકે ગણવા. તેમણે સ્વયંસેવકના નિયમો પાળવા. જે નિયમો નક્કી કરવામાં આવેલા છે.

## વિભાગી સમાજ

(૧) સમસ્ત સમાજના ત્રણ વિભાગ પાડયા છે. તે દરેકને પંચગ્રામ કહે છે. અને એક વર્ષને માટે અનુકુળતા ખાતર વિભાગનું સ્થળ નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ગુજરાત વિભાગ. | (પંચગ્રામ.) | સ્થળ | ગોધરા. |
| વાગડ વિભાગ | (પંચગ્રામ) | સ્થળ | ઝાલોદ. |
| માળવા વિભાગ | (પંચગ્રામ) | સ્થળ | ઈંદોર. |

(૨) વિભાગી સમાજની બેઠક ઓછામાં ઓછી વર્ષમાં એક વખત ભરવી. કયાદિવસે ભરવી તે સેક્રેટરી દરેક ગામના પ્રમુખને પૂછી વધુમતે નક્કી કરે.

(૩) વિભાગી સમાજના સેક્રેટરીએ સમાજના અંગના ખર્ચનો હિસાબ વાર્ષિક સભામાં રજુ કરવો. અને તે સભાએ પાસ કર્યા પછી છએ ગામે ખર્ચ વહેંચી આપવું.



## સમસ્ત સમાજ.

(૧) સમસ્ત સમાજના ઠરાવોને અનુસરી કામ કરવા, ઠરાવોને અમલમાં મુકાવવા અને સમાજ ફરમાવે તે કામ કરવા એક વર્ષને માટે એક જનરલ સેક્રેટરી ( મુખ્ય મંત્રી ), અને મદદ કરવા એક આસિસ્ટંટ સેક્રેટરી ( ઉપમંત્રી ) એક વર્ષને માટે નીમવા.

(૨) ત્રણે વિભાગના સેક્રેટરી મારફત દરેક વિભાગના કાર્યનો રિપોર્ટ મેળવવો.

(૩) ત્રણે સેક્રેટરી સાથે મસલત ચલાવી સમસ્ત સમાજ ભરાવવાની ગોઠવણ કરવી.

(૪) સમસ્ત સમાજની વાર્ષિક સભાનું સ્થળ અને વખત વિભાગી સેક્રેટરીની મારફત ગ્રામ્ય પ્રમુખોના મત મેળવી નક્કી કરવાં.

(૫) જ્ઞાતિ હિતની નવી યોજના અથવા સુચના વિભાગી સેક્રેટરીઓની મસલતથી જનરલ સેક્રેટરીએ સમસ્ત સભાની સમક્ષ રજુ કરવી.

# ઠરાવ બીજો.

## પલ્લુ અને વરોઠી વિગેરે લગ્ન ક્રિયા સંબંધીનો ઠરાવ.

(૧) પલ્લાનો સમાવેશ કુલ્લ રૂા. ૫૦૧)અંકે પાંચસેં એક રૂપિઆમાં નીચે પ્રમાણે કરવામાં આવે છેઃ—

૧ રૂા. ૪૫૦ ) અંકે રૂપિઆ ચારસેં પચાસ રોકડા અગર દાગીના કન્યાના વાલીની મરજી પ્રમાણે વરના વાલી ત-

રૂ૫થી પંચ રૂબરૂ આપવા પલ્લામાં દાગીના લેવાય તેની કિમ્મત બજાર ભાવે ગણવી.

૨ રૂા. ૫૧) અંકે એકાવન રૂપિઆમાં ત્રણ લૂગડાં લાવવાં. તેમાં ફોફળીની ( ખડીની ) સાડી નં. ૧, રેશમી ઘાઘરો નં. ૧, ને કમખો ( ભરગચ્છીનો ) નં. ૧ આ ત્રણ લૂગડાં અગર રૂપિઆ એકાવન રોકડા કન્યાના વાલીની મરજી અનુસાર આપે.

૩ તે સિવાય પરચુરણ અબાબ પાંચમાં દરેક અબાબ દીઠ રૂા. ૨) અંકે બે રૂપિઆ આપે તથા ચીપોના રૂા. ૮)અંકે આઠ રૂપિઆ આપવા તે સિવાય કોઇપણ પ્રકારની રકમ આપવી નહીં.

(૨) કુંવારા વસંતને માટે લૂગડાં આપે તે પલ્લાની રકમ ઉપરાંતનાં ગણવાં. પણ સોના ચાંદીના દાગીના આવેલા હોય તેની કીમ્મતનો પલ્લાની રકમ રૂા. ૪૫૦)ની અંદર સમાવેશ કરવો.

(૩) વરોઠી સંબંધી ઠરાવઃ--

૧ કન્યાના માંડવે વરનો બાપ વરોઠીના અંગે જ્ઞાતિભોજનના જરૂર પુરતી જમણવાર કંસાર ઘીને ખાંડની કરે.

૨ માંવરૂ વિગેરે કંઇપણ કરવાનું નથી.

૩ પરચુરણ મંદિરમાં અને બ્રાહ્મણોને સીધાં આપવાનો રિવાજ છે તેમાં ૧૫ અંકે પંદરથી વધુ સીધાં અપાવવાં નહીં.

(૪) બપોરે હાજરી કરાવવા બાબતઃ--

૧ ઝાલર પુલ્લા, શીરોપુરી, કોરૂખાવું વિગેરે બપોરે જાનવાળાને અને નાતનાં છોકરાંને જમાડવામાં આવે છે તે બંધ કરવું.



૨ કન્યાવાળાને ત્યાં જાન રહે ત્યાંસુધી જાનવાળાને વરતરફનાં માણસોની મદદથી કન્યાને ઘેર સાદી હાજરી કરાવે.

(૫) લગ્નમાં વરો કરવા સંબંધી ઠરાવઃ—

૧ કન્યાનો બાપ પોતાને ત્યાં વરો ત્રણ દિવસ પોતાના ગામના રિવાજ પ્રમાણે કરે.

૨ એક વરવાળો વરતરફની વરોઠી કરે.

૩ આવી રીતે ચાર દિવસ જાન રહી પાંચમે દિવસે વિદાય થાય.

૪ આ ઉપરાંત વાગડ ને માળવા પંચગ્રામમાં ઇચ્છાનુસાર એકાદ દિવસ વધુ રાખવા પ્રસંગ હોયતો તેમને છૂટ છે.

(૬) કોઇ નિઃસંતાન વિધવા થાય તો તેની આજીવિકામાટે નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે છેઃ--

૧ વિધવાનું ભરણપોષણ સાસરીઆએ કરવું. બાઇએ બનતા સુધી સાસરીઆમાં રહેવું. અગર પીએરમાં રહેવું.

૨ આ બાબતની કાંઇ તકરાર આવે તો ગામવાળા તેનો ન્યાય કરે ને તે ઉપર અપીલ કરવી હોયતો વિભાગી પંચગ્રામ તેનો જે ન્યાય કરે તે છેવટનો ગણવો.

(૭) વરપરણે ત્યારે રૂા. ૧૧ સવા રૂપિઆ શ્રીદેવગદાધરજીને વરવાળાએ ભેટ કરવો.

ઉપર પ્રમાણેની વિગતવાળા ઠરાવો ત્રણે વિભાગના પંચગ્રામની સમક્ષ સર્વાનુમતે કરવામાં આવ્યા છે. તે સર્વ જ્ઞાતિબંધુએ પાળવા.

---

[૨] સંવત્ ૧૯૭૮ ના ચૈત્ર સુદ ૮-૯-૧૦ અને ૧૧ તા. ૫-૬-૭-૮ મી માહે એપ્રીલ સને ૧૯૨૨ના દિવસોએ ઇંદોર મુકામે ભરાયેલી મહાસભામાં સર્વાનુમતે પસાર થયેલા ઠરાવો.

## ઠરાવ ૧ લો.

### જ્ઞાતિના સ્વયંસેવક અને સભાસદ માટે નિયમો.

(૧) આભ્યંતર ઔદુમ્બર બ્રાહ્મણોમાં પુરૂષ વર્ગમાં સોળવર્ષની અંદરના સ્વયંસેવક અને તેઉપરાંતના સઘળા સભાસદ ગણાશે.

(૨) સ્વયંસેવકે પાળવાના નિયમોઃ—

૧ સંધ્યા અને ગાયત્રી શીખી દરરોજ આવશ્યક નિત્યકર્મ કરવું.

૨ યજમાન વૃત્તિના અંગે જોઈતી પૂજનવિધિ અને ઉપાસેનાના મંત્રો શીખી યથાશક્તિ તૈયાર થવું.

૩ ગામની સભાના પ્રમુખ અને મંત્રીને સમાજના દરેક કામમાં મદદ કરવી.

૪ દરેક જ્ઞાતિબંધુ સાથે વિનયથી વર્તી તેમની સેવા ઉઠાવવી.

(૩) સભાસદે પાળવાના નિયમોઃ—

૧ આચારથી વિરૂદ્ધ વર્તન રાખવું નહીં.

૨ સંધ્યા અને ગાયત્રી વીગેરે આવશ્યક નિત્ય કર્મ કરવું.

૩ યજમાન વૃત્તિના અંગે જોઇતી માહીતિ ( જ્ઞાન ) માટે બીજાપર આધાર રાખવો નહીં.

૪ જ્ઞાતિબંધુ સાથે ભ્રાતૃભાવથી વર્તી ન્યાયની રીતિએ તેમના દરેક હિતમાં કાળજી રાખવી.

(૪) ઉપર મુજબના નિયમો સર્વાનુમતે મંજુર થઇ તે પ્રમાણે વર્તવા દરેકે કબુલતની સહી કરી આપવી.

## ઠરાવ ૨ જો.

કોઇપણ જ્ઞાતિબંધુનું બ્રાહ્મણધર્મથી વિરૂદ્ધ અનીતિ ભરેલું



વર્તન જણાશે એટલે કે કોઈપણ પુરૂષ ઉપસ્ત્રી સાથે ખોટો વ્યવહાર રાખી તેના હાથની રસોઇ જમશે અગર પરણેલ સ્ત્રી પ્રમાણે વર્તતો હોય એમ માલૂમ પડશે અગર મદ્યપાન કરતો જણાશે તો તેને સમસ્ત ન્યાત તરફથી બહિષ્કાર કરી યોગ્ય શિક્ષા કરવામાં આવશે. આ ઠરાવ પુરૂષો તેમજ સ્ત્રીઓ બન્નેને સરખી રીતેજ લાગુ પડે છે.

## ઠરાવ ત્રીજો.

જ્ઞાતિ સુધારા માટે વિદ્યોતેજક ફંડ સ્થાપવું ને તેમાંથી નીચે પ્રમાણે ફંડની વ્યવસ્થા કરવી.

(૧) યજમાન વૃત્તિને આવશ્યક ઉપાસના ને વીધિનું પુસ્તક તૈયાર કરી છપાવી દરેક પુરૂષ વ્યક્તિને આપવું.

(૨) સંધ્યાદિક નિત્યકર્મનાં પુસ્તકો ખરીદ કરી દરેક સ્વયંસેવકને ભેટ કરવાં.

(૩) ઉપરનાં બન્ને જાતનાં પુસ્તકોમાંથી સ્વયંસેવકની યોગ્ય વિદ્વાનો પાસે પરીક્ષા લેવરાવી લાયકને ઇનામો આપવાં.

(૪) પ્રાથમિક કેળવણી લેનાર વિદ્યાર્થી કે જેને સાધન ન મળી શકે તેવાને પુસ્તકો ને સાહિત્યની મદદ કરવી.

(૫) સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરનારને ખાસ સ્કૉલરશીપો આપવી.

(૬) ઇંગ્રેજી ભાષાનો અભ્યાસ કરનારને બની શકે તે પ્રમાણમાં પુસ્તકોની મદદ કરવી. અને ફંડના પ્રમાણમાં સ્કુલની ફી પણ આપવી.

(૭) હુન્નર ઉદ્યોગની કેળવણી લેનારને ખાસ સ્કૉલરશીપો આપવી.

ઉપર પ્રમાણેના હેતુ સિદ્ધ કરવા વિદ્યોત્તેજક ફંડનો જેમ બને તેમ વધારો કરવો.

## ઠરાવ ૪ થો.

પ્રથમ ગોધરા મુકામે થયેલા સંમેલન વખતે પસાર થયેલા પલ્લુ અને વરોઠી વીગેરેના ઠરાવો સર્વે ભાઇઓએ માન્ય રાખેલા ઠરાવી તેને લગતા વધુ ઠરાવો નીચે મુજબ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા છેઃ—

(૧) કન્યાના બાપ લાણી કરવાની ફરજ પાડી શકે નહીં. પરંતુ વરવાળાની લાણી કરવાની ઇચ્છા હોય તો વરોઠીના જમણમાં ન્યાત અને જાનનાં માણસોના ભોજન ખર્ચમાં જોઇએ તેટલીજ સામગ્રીથી ઇચ્છાનુસાર જમણ કરે.

(૨) વરણાગીની ઓઢણીને બદલે એક રેશમી સાળુ વરવાળો કન્યાને આપે.

## ઠરાવ ૫ મો.

પ્રથમ સંમેલનમાં પલ્લુ તથા વરોઠીના સંબંધમાં થયેલા ઠરાવો અને તેના અંગના બીજા સંમેલનમાં થયેલા વધુ ઠરાવોની બબ્બે નકલો છસેં એકવીશના દરેક ગામે મોકલવી. તેના ઉપર પંચ સમસ્તની આજ્ઞાથી મુખ્ય માણસની સહી લેઇ એક નકલ જેનાતે ગામના પંચને દફતરે રાખી બીજી નકલ જનરલ સેક્રેટરીપર દફતરે રહેવા મોકલવી.


જરૂર વાંચો ! જરૂર વાંચો ! !

## અમારૂં સરનામું તમો કદી ભુલશો નહિ.

કારણ કે અમારે ત્યાં નિશાળોનાં ઉપયોગી તમામ જાતનાં પુસ્તકો, ઉર્દુ પુસ્તકો, લાયબ્રેરિઓને શોભા આપે તેવાં પુસ્તકો, સ્કૂલોને લગતી દરેક જાતની સ્ટેશનરી રાખવામાં આવે છે.

મહેતાજીઓને સારૂં કમીશન આપવામાં આવશે. કમીશન માટે અમારૂં પ્રાઇસલિસ્ટ મંગાવવા અમારી ખાસ વિનંતી છે.

રીચીરોડ
બાલાહનુમાન
અમદાવાદ.

સેવક
ચંદુલાલ મણીલાલ પરિખ.
શ્રી ખડાયતા બુકડીપો.

# જાહેર ખબર.

કોઇ પણ જ્ઞાતિબંધુ સંસ્કૃત અભ્યાસ કરવાની ઇચ્છા ધરાવતા હોય તેમનો ખોરાકી અને અભ્યાસનાં સાધનોનો તમામ ખર્ચ ઇંદોરના શાસ્ત્રીજી શ્રીધરજી **નીલમાધવજી** આપવા તૈયાર છે. અને તેવા સ્વજ્ઞાતિના પચાશ વિદ્યાર્થીઓને ઇંદોરમાં નીભાવવા ખુશી છે. માટે જે કોઇ જ્ઞાતિબંધુ ઇંદોર જવા રાજી હોય તેમણે અમને જણાવવું, કે તેમનો બંદોબસ્ત કરાશે. વિદ્યાર્થીએ ઇંદોર પાઠશાળામાં અભ્યાસ કરવો પડશે.

**માહાસુખરામ પ્રાણનાથ શ્રોતિય.**
જનરલ સેક્રેટરી.
આભ્યંતર ઔદુમ્બર સમસ્ત સમાજ.